શહેરના પ્રવેશદ્વાર ચ-૦ પાસે ત્રિરંગો લહેરાશે. ૨૬ મી જાન્યુઆરી નજીકમાં છે. ત્યારે પ્રજાસત્તાક દિવસની ઉજવણી અન્વયે પણ યુવાઓ સહીત નગરજનોમાં દેશભકિતનો રંગ છવાયેલો છે. અમદાવાદમાં પણ સ્ટેશન નજીકના વિસ્તારમાં ઠેકાણે ત્રિરંગો લહેરાતો જોવા મળે છે. ત્યારે પાટનગરમાં પણ હવે પ્રવેશદ્વાર પાસે જ ૩૦ મીટરની ઉંચાઇએ ત્રિરંગો લહેરાવી નગરના એન્ટ્રી પોઇન્ટની શાન અને શોભા વધારાશે. આગામી સપ્તાહમાં ત્રિરંગો લહેરાતો નજરે પડશે.

વેક્સીનેશનના બીજા રાઉન્ડમાં શહેરમાં નબળો પ્રતિસાદ સાંપડ્યો

નેશનલ હેલ્થ મિશનના મેને. ડિરેક્ટરે સિવિલમાં વેક્સીનેશન સાઈટની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૯

કોરોના વેક્સીનેશનના આજે બીજા રાઉન્ડમાં ૧૪૮ કોરોના વોરિયર્સને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે બીજા રાઉન્ડમાં ૨૨૫ કોરોના વોરિયર્સને આવરી લેવાનું લક્ષ્યાંક હતુ. ચાર સી.એચ.સી. સેન્ટર પર ૧૦૩ વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. જેમાં ચરાડા ખાતે ૨૦, નારદીપુર ખાતે ૩૩, અડાલજ ખાતે ૨૫, રખિયાલ ખાતે ૨૫ લાભાર્થીનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં સિવિલ હોસ્પિટલ ખાતે ૪૫ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. શહેરમાં આજે એન.એચ.એચ.ના મેને. ડિરેક્ટર પંડ્યાએ વેક્સીન સાઈટની મુલાકાત લઈ સૌને ચોંકાવી દીધા હતા.

આજે બીજા રાઉન્ડમાં વેક્સીનેશન દરમ્યાન કોઈ પણ વોરીયર્સને આડ અસર થયેલી જોવા મળી ન હતી. વોરિયર્સ દ્વારા આજે આરોગ્ય કેન્દ્રો ખાતે સવારે ૯ વાગ્યાથી રસીકરણની કામગીરી હાથ ધરાઈ હતી.

હવે શુક્રવારે વેક્સીનેશનનો ત્રીજો રાઉન્ડ હાથ ધરાશે. આ ત્રીજા રાઉન્ડ ગ્રામ્યવિસ્તારમાં આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્ર છાલા, સાદરા, દહેગામ અને ડિંગુચા ખાતે યોજાશે.

આજે આઈ.એચ.એ.ના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ, ગાંધીનગર સિવિલના આર.એચ.ઓ. ડૉ. સુધાબેન શર્મા, સુપ્રિ. ડૉ. આશિષ સહિત આશા બહેનો, આંગણવાડી કાર્યકર, સ્ટાફ નર્સ, આયુસ મેડીકલ ઓફિસર, આર.બી.એસ.ડે. ડોક્ટર, સી.એચ.ઓ. સહિતના વોરિયર્સને આવરી લેવામાં આવ્યા હતા.

ભાજપના પૂર્વ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. એ.કે. પટેલ, ગાંધીનગર સિવિલના આર.એમ.ઓ. ડૉ. સુધા શર્મા, આસી. આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ જશપરા, માણસા ડિસ્ટ્રીકટ સબ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. પરમાર નારદીપુર સી.એચ.સી.ના સુપ્રિ. ડૉ. આશિષે આજે વેકસીનેશન કરાવ્યું હતું. જયારે નેશનલ હેલ્થ મિશન (ગુજરાત)ના મેને. ડિરેકટર પંડયાએ આજે સિવીલ હોસ્પિટલની વેકસીનેશન સાઈટની મુલાકાત લીધી તેવી તસ્વીરી ઝલક.

સે-૨૪ થી ૨૭ માં માર્ગ સુધારણાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ

નજીકના દિવસોમાં માર્ગોનુ પેવરકામ હાથ ધરાશે : અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૯

શહેરના સેકટરામાં તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં વરસાદી દિવસોના અંતે માર્ગોની દશા વધુ ખરાબ થઇ છે. ત્યારે જુના સેકટરોમાં વિવિધ ૬ સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. આ પૈકી સે-૨૪ થી સે-૨૭ માં માર્ગ સુધારણાની કામગીરીને અનુલક્ષીને ટેન્ટર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. ટેન્ડર મંજુરીના અંતે મહીનામાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે.

શહેરમાં તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના સે-૧૭ અને સે-૧૯ માં પણ માર્ગોનુ પેવર કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૪ થી સે-૨૭ માં પણ ડામર માર્ગોનુ કામ હવે શરૂ કરાશે. શહેરમાં વરસાદી દિવસોના અંતે સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ છે. અગાઉ કોરોના કાળમાં લાંબા સમય સુધી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરી શકાઇ ન હતી જયારે સે-૨૪ થી ૨૭ માં વર્ષોના અંતે પણ માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં વિલંબ થતો હોવાનો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. આવા સંજોગામાં અગાઉ તંત્ર દ્વારા આ સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે દરખાસ્ત પણ કરવામાં આવી હતી શહેરના સે- ૬થી ૮ માં પણ આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરાયા બાદ હવે તબક્કાવાર જુના સેકટરામાં પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સે-૧૭ અને સે-૧૯ માં પણ માર્ગોનુ પેવર કામ શરૂ કરાશે. જયારે અગાઉ સરકારે શહેરના જુના સેકટરોને અનુલક્ષીને અંદાજિત રૂ ૫ કરોડની રકમ ફાળવી હતી જેને અનુલક્ષીને સે - ૨૪ થી સે-૨૭માં ડામર રસ્તાનુ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટેન્ડર મંજુરીના અંતે એક મહીનામાં કામ શરૂ કરી દેવાશે. સે-૨૪થી સે-૨૭ માં માર્ગ સુધારણાની કામગીરી પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ થશે. લાંબા સમય બાદ સેકટરોમાં માર્ગોની સરફેસ યોગ્ય થતા સ્થાનિકોને પડતી હાલાકીનો પણ અંત આવશે. શહેરના જુના સેકટરોમાં બાકી રહેતા માર્ગ સુધારણાના અન્ય કામો હાથ ધરવા માટે પણ આગામી દિવસોમાં આયોજન કરાશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગાંધીનગરને ૫ કરોડ

કોબા-ઈન્દીરાબ્રિજ ગામ તરફ જવાના માર્ગ ઉપરાંત મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિસ્ટ ગામોમાં પણ રસ્તાનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૯

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રીએ વિકાસ કામો માટે અત્યાર સુધી ૧૫૭.૮૪ કરોડની ફાળવણી કરી છે. જ્યારે આ યોજના અંતર્ગત ગાંધીનગરમાં પણ વર્ષ-૨૦૨૦-૨૧ માટે રૂ. ૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. જેમાં કોબા-ઈન્દિરાબ્રિજથી ભાટ ગામ તરફ જવાના માર્ગનુ પણ મજબૂતીકરણ કરાશે. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના સમાવિષ્ટ ઔડા વિસ્તારની નગર રચનાના ૧૩ જેટલા વિસ્તારમાં પણ માર્ગોનું કામ હાથ ધરાશે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજયના નગરોમાં જનસુખાકારીની સુવિધાના કામોને વેગ આપવાના જનહિત ભાવથી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૪ નગરો માટે રૂ. ૧૫ કરોડની ફાળવણી કરી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે સડક યોજના અન્વયે રૂ. ૫ કરોડ ફાળવ્યા છે.

આ રકમ પૈકી રૂ. ૧ કરોડ કોબા-ઈન્દીરાબ્રીજ રસ્તેથી ભાટ ગામ સુધીના રોડના મજબૂતીકરણ માટે ફાળવાશે.

એટલું જ નહિ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના સમાવિષ્ટ ઔડા વિસ્તારની નગર રચના યોજનાના ૧૩ જેટલા વિસ્તારોમાં રસ્તાઓ બનાવવા રૂ. ૪ કરોડની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ મહેસાણા નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટી જનભાગીદારી ઘટક અન્વયે સી.સી.રોડ, પેવર બ્લોક તેમજ પીવાના પાણીની પાઇપલાઇન નાંખવાના ૯૪ કામો માટે રૂ. ૫ કરોડ ૪૪ લાખની રકમ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મંજૂર કરી છે.

મુખ્યમંત્રીએ આ ઉપરાંત ઉત્તર ગુજરાતની વડનગર નગરપાલિકાને પણ રૂ. ૩ કરોડ ૪૬ લાખ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફાળવ્યા છે.

આ રકમનો ઉપયોગ વડનગર શહેરથી ૩-૪ કિલોમીટર દૂર આવેલા પરા વિસ્તારો, દરબારગઢ વિસ્તાર અને વડનગરના અન્ય વિસ્તારોના નગરજનોને દૈનિક ધોરણે પાણી પુરૂં પાડવા તથા પરા વિસ્તારને જોડતી પીવીસી લાઇન્સના સ્થાને ડી૧ લાઇન નાંખીને પાણીનો વ્યય તેમજ લીકેજની સમસ્યા અટકાવવા માટે કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

નદી કાંઠાના ગ્રામજનોને છેલ્લા બે વર્ષથી એસ ટી બસ સેવા મળતી નથી

નદી કાંઠાની એકબાજુના આલમપુર , ધર્મપુર, દોલારાણા વાસણા મોડી શિહોલી સહીતના ગ્રામજનો સલામત સવારીના અભાવે ખાનગી વાહનોમાં મુસાફરી કરે છે : વિદ્યાર્થીઓ પણ પરેશાન

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર એસ ટી ડેપોમાં હવે મુસાફરોનો ટ્રાફિક વધી રહ્યો છે. ડેપોમાં મુસાફરોની સંખ્યા વધી રહી છે. એકબાજુ એસ ટી ડેપોની આવકમાં ધરખમ ઘટાડો થયો છે. ત્યારે એસ ટી બસોનુ સંચાલન કરવા માટે ડેપો કક્ષાએથી નદી કાંઠાના ગામોમાં પણ રૂટ ગોઠવાય તેવી માંગ ઉઠવા પામી છે. નદીકાંઠાના ૬ જેટલા ગામોમાં એસ ટી બસ જતી નથી. જેના લીધે આ ગ્રામજનોએ હાલ ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે. વિદ્યાર્થીવર્ગને પણ એસ ટી સેવાના અભાવે પારાવાર હાલાકી વેઠવી પડે છે.

ગાંધીનગર એસ ટી ડેપામાં કોરોના કાળમા લાંબા સમયના

● અનુસંધાન પાન-૭ પર

પ્રાર્થનાંજલિ

સ્વ. જે. પી. મહેતા

સ્વર્ગવાસ તા. ૨૦-૧-૨૦૧૧

ધુપસળી જેવું જીવન જીવી ગયા,
ખુદ જ્યોત બની બધાનું જીવન પ્રકાશિત કરી ગયા,
જીવનમાં દરેક પ્રસંગે એક માર્ગદર્શક બની ગયા,
વસમું છે જીવન હવે તમારા વગર
આંખોના અશ્રુ બની આંખોમાં જ સમાઈ ગયા.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.

રાજુલ - સ્નેહા ● શ્રેયા - પ્રહરકુમાર - સ્વરા
હિતા - આલાપકુમાર ● નિપુલ - ક્રિષ્ના - જયમીન
નીલ - મેઘા - ખનિષ્કા
સુકેતુ - જિજ્ઞાસા - નિધી - નિલકુમાર

શહેરમાં ફરી એકવાર ઠંડીનો પારો ગગડયો : ૯.૮ ડીગ્રી

ઠંડીના પારાની સતત ચઢ ઉતર સાથે દિવસના તાપમાનમાં પણ ૪ ડીગ્રીનો ઘટાડો

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં ઠંડીએ ફરી જોર પકડયુ છે. છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો મિજાજ નરમ પડી ગયો હતો જયારે ઠંડીનો પારો સતત ૧૩ ડીગ્રીની આસપાસ રહેતા નગરજનોએ આકરી ઠંડીમાં રાહત અનુભવી હતી પરંતુ આજે અચાનક જ ઠંડીનો પારો ગગડતા સવારથી જ અસહ્ય ઠંડીનો ચમકારો વર્તાયો હતો. ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ તાપમાન ૩.૨ ડીગ્રી ગગડયુ હતુ જયારે દિવસનુ તાપમાન પણ ચાર ડીગ્રી ઘટયુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન પણ નગરજનોએ હળવીઠંડી અનુભવી હતી. ગાંધીનગરમાં ઠંડીનો પારો સતત ઉતાર ચઢાવ કરે છે. જેના લીધે વાતાવરણમાં પણ ઠંડી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૧૩ ડીગ્રીએ રહેતા શહેરીજનોને ઠંડીમાં રાહત અનુભવી હતી આકરી ઠંડીમાંથી છુટકારો મળતા નગરજનો ગરમ કપડા પહેરવાનુ પણ ભુલી ગયા હતા જયારે ઉતરાયણના પર્વ દરમિયાન ઠંડી આકરી રહી હતી પરંતુ ઉતરાયણ બાદ અચાનક જ ઠંડીનો પારો મિજાજ હળવો થતા છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણ ખુશ્નુમા જોવા મળતુ હતુ પરંતુ આજે અચાનક જ ઠંડીનુ પ્રમાણ વધતા સવારથી જ વાતાવરણમાં ઠંડીનો ચમકારો વર્તાતો હતો. સવારે ઠંડી વધતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે દિવસના અંતે સાંજે પણ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આજે લઘુત્તમ તાપમાન ૯.૮ ડીગ્રી નોંધાયુ હતુ જયારે મહત્તમ તાપમાન ૨૮ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં ૩.૨ ડીગ્રી ગગડયુ હતુ. જયારે મહત્તમ તાપમાનપણ ૪ ડીગ્રી ઘટયુ હતુ જેના લીધે દિવસ દરમિયાન પણ નગરજનોએ હળવી ઠંડક અનુભવી હતી.

ગુજરાતમાં ડ્રેગન નામનું ફળ હવે કમલમ નામથી ઓળખાશે : રૂપાણી

દુનિયામાં પ્રચલિત ફળ ડ્રેગન ફ્રૂટ હવે ગુજરાત કમલમ ફ્રૂટ તરીકે ઓળખાશે. રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે આ ફ્રૂટ માટે ડ્રેગન શબ્દ શોભે તેવો નથી. રાજ્યના સીએમ રૂપાણી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ડ્રેગન ફ્રૂટ કમળ જેવું દેખાતા આ ફળને સંસ્કૃત શબ્દ કમલમ નામ આપવામાં આવશે. જેના પેટર્ન માટે રાજ્ય સરકાર દ્વારા અરજી પણ કરવામાં આવી છે. ડ્રેગન ફ્રૂટ પિતાયા તરીકે ઓળખાય છે. ડ્રેગન ફ્રૂટનું વૈજ્ઞાનિક નામ હિલોકેરેસ કેક્ટ્સ છે. નારંગી, કેરી પપૈયું, કેળા કરતા આ ફ્રૂટ સૌથી વધુ ગુણકારી હોય છે.

સ્વાધ્યાય પરિવારના પ્રવર્તક પાંડુરંગદાદાના જમાઈ ડૉ. શ્રીનિવાસ તળવલકરનું નિધન

ગાંધીનગર, તા. ૧૯

સ્વાધ્યાય પરિવારના પ્રવર્તક પદ્મવિભૂષણ પાંડુરંગશાસ્ત્રી આઠવલે (દાદાજી)ના જમાઈ તથા સ્વાધ્યાય પરિવારના પ્રમુખ ધનશ્રી તળવલકર (દીદી)ના જીવનસાથી, ડૉ. શ્રી. શ્રીનિવાસ તળવલકર (રાવસાહેબ)નુ અલ્પકાલીન બિમારીને કારણે તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ દુઃખદ દેહાવસાન થયું છે. તેઓ ૭૨ વર્ષના હતા. તેમનું નિવાસસ્થાન હિંદુ કોલોની, માટુંગા ખાતે હતુ.

રાવસાહેબ તળવલકર, હિંદુ કોલોનીની તળવલકર હોસ્પિટલના તેમ જ રાહેજા હોસ્પિટલના સંસ્થાપક સદસ્ય એવા જયેષ્ઠ ડાયાબીટીસ તજજ્ઞ, સ્વ. ડૉ. નીલકંઠ તળવલકરના સુપુત્ર હતા.

સ્વાધ્યાય પરિવારનું પ્રચંડ મોટું વૈશ્વિક કાર્ય સંભાળતી વખતે રાવસાહેબનો અત્યંત અણમોલ અને અડગ સાથ દીદીજીને સતત સાંપડ્યો છે. અખિલ સ્વાધ્યાય પરિવાર માટે રાવસાહેબ તળવલકર એ અત્યંત આદરણીય



અને લાડકું વ્યક્તિત્વ હતા. રાવસાહેબ તળવલકરના અચાનક નિધનથી સ્વાધ્યાય પરિવારના લાખો સ્વાધ્યાયીઓ પર શોકની ઘેરી છાયા પ્રસરેલી છે. તેમના અંતિમ સંસ્કાર તા. ૧૯ જાન્યુઆરીના રોજ સાંજે 'તત્વજ્ઞાન વિદ્યાપીઠ', થાણા ખાતે કરવામાં આવશે. પરંતુ, કોવિડ-૧૯ની વર્તમાન મર્યાદાને કારણે અંતિમ સંસ્કાર સમયે માત્ર કુટુંબના અમુક નિકટના વ્યક્તિઓ જ ઉપસ્થિત રહેવાના છે.

મનપાનું વિસર્જન કરવા કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે માંગ કરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાનું વિસર્જન કરવાની માંગ સાથે આજે કોંગ્રેસ કાઉન્સીલર પિન્કીબેન પટેલે શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીને પત્ર લખ્યો છે.

સુશ્રી પિન્કીબેન પટેલે લખેલા આ વિસ્તૃત પત્રમાં મેયરની નિમણુંક ગેરકાયદેસર હોવાની વાત સાથે શરૂઆત કરી અને બજેટમાં જોગવાઈ ના હોવા છતાં જી.પી.એમ.સી.એક્ટની જોગવાઈઓનું મનઘડંત અર્થઘટન કરી બસસ્ટેન્ડ માટેના અપાયેલા વર્ક ઓર્ડરની વાત તેમજ સે. ૧૧ માં બિલ્ડીંગનું ગેરકાયદેસર બાંધકામ સહિતના મુદ્દાઓને વણી લઈ વિગતો સાથે આ પત્ર લખ્યો છે.

તેમણે તેમના પત્રમાં મનપાના સેક્રેટરીને જે રીતે છુટા કરવામાં આવ્યા હતા તે વાત પણ લખી છે.

સે. ૧૧ ના ગેરકાયદે બાંધકામ બાબતે તંત્ર દ્વારા નોટીસ આપવાની તસ્દી પણ લેવામાં આવી ન હોવા અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

સુશ્રી પટેલે જી.પી.એમ.સી. એક્ટની કલમ ૪૫૨ પેટા કલમ-૧ હેઠળ રાજ્ય સરકારને વિસર્જન કરવાની સત્તા છે તેવો ઉલ્લેખ કરી તાત્કાલિક આ દિશામાં કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ તેમણે કરી છે.

તેમણે મનપામાં ચાલતા ભ્રષ્ટ્રાચારને રોકવાના આશયની બંધારણની જોગવાઈ અનુસાર અને જીપીએમસી એક્ટ મુજબ કાર્યવાહી કરવા આગ્રહભરી વિનંતી કરી તેમની રજુઆતનો દિન-૭ માં પ્રત્યુત્તર આપવા જણાવ્યુ છે. તેમણે આ પત્ર સાથે તેમની રજુઆત સંદર્ભે વિવિધ બિડાણો પણ સામેલ કરેલ છે.

૨૧મી પૂણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ

આત્માને શસ્ત્રો છેદી શકતા
નથી અને અગ્નિ બાળી
શકતી નથી તેમજ પાણી
એને ભીંજવતું નથી
અને વાયુ સુકવી
શકતો નથી
જન્મ તા.૦૧/૦૩/૧૯૪૧

જેનો જન્મ છે તેનું મરણ
નિશ્ચિંત છે, તેમજ જેનું
મરણ તેનો જન્મ તેટલો જ
નિશ્ચિંત છે, એટલે
અપરિહાર્ય વસ્તુને માટે
શોક કરવો તે યોગ્ય નથી.
સ્વ.તા.૨૦/૦૧/૨૦૦૦

સદ્ગત શેઠ શ્રી જીવણભાઈ માધાભાઈ ચૌધરી (પામોલ)

કન્યા કેળવણીના કર્ણધાર એવા શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલયના સ્થાપક, મુખ્યદાતા તેમજ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના આદ્યસ્થાપક અને પૂર્વ પ્રમુખ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર
માતૃશ્રી જોઈતીબા કોલેજ કેમ્પસની વિવિધ સંસ્થાઓ...

શેઠશ્રી જે.એમ. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર
શ્રી જે.એમ. ચૌધરી વિદ્યા સંકુલની વિવિધ સંસ્થાઓ...

નોંધ :- તા.૨૦/૦૧/૨૦૨૧ને બુધવારના રોજ પૂણ્યતિથિ નિમિત્તે ભજન તથા તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ઈનામ વિતરણ કાર્યક્રમ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી.જે.એમ.ચૌધરી વિદ્યા સંકુલ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે યોજેલ છે. આ પ્રસંગે સ્નેહીજનોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

સતત બીજે દિવસે ૧૪ કેસ

ગાંધીનગર તાલુકામાં ૭ અને દહેગામમાં બે કેસ નોંધાયા સે. ૫, ૨૬, ૨૯, ૭ અને પાલજમાંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે સતત બીજે દિવસે પણ ૧૪ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં નવ અને ગાંધીનગર શહેરમાં ૫ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો સતત મળી રહ્યા છે. દહેગામમાં પણ બે દિવસથી કોરોનાના કેસો મળવાના શરૂ થતાં તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૭ કેસ ગાંધીનગર તાલુકાના છે જયારે બે કેસ દહેગામ તાલુકામાંથી મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે ૩ મહિલા દર્દીઓ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાઈ છે.

ગાંધીનગર તાલુકામાં આજે ખોરજ ગામેથી ૩, વાવોલમાંથી ૨ ઉપરાંત ભઈજીપુરા અને કુડાસણમાંથી કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકાના જાસીયાના મઠ ગામેથી બે કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે સંકમિત થનારાઓમાં ૩ કર્મયોગી, બે ગૃહણી, બે ખાનગી નોકરીયાત, એક વિદ્યાર્થી અને એક વેપારીનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૯૦૮ દર્દીઓ કોરનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૨૮૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com